Extra No. 25

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JANUARY 19, 2026 / PAUSHA 29, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬

ખંભાળીયા નગરપાલિકા, જિ. દેવભૂમિ દ્વારકાની આગામી સામાન્ય ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ખંભાળીયા-યુનિટ-૬-૨૦૨૬.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩(જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ-૬ ની પેટા-કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા-કલમ-૫ અન્વયે, રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર,અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે.મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૫થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭ મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ સંબંધે વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા (જે તે વર્ગની સ્ત્રીઓ સહિત) સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/348 of 2025 UDUHD/MIS/e-file/18/2025/0679/M, તા.૨૨/૦૯/૨૦૨૫ થી સને-૨૦૧૧ની વસતીગણતરીના આંકડાના આધારે ખંભાળીયા નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ને ૯ વોર્ડોમાં વિભાજીત કરેલ છે અને કાઉન્સિલરોની કુલ ૩૬ બેઠકો નક્કી કરેલ છે.સદર જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ઉક્ત જાહેરનામાથી નક્કી થયેલ વોર્ડોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઈ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪(વખતોવખત સુધાર્યા પ્રમાણે) (જેનો આમાં હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ધ્યાને લઈ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એક સરખી રહે અને સામાન્યત:વોર્ડની સરેરાશ વસતીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં.આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ ના વસતી ગણતરી અધિનિયમ અન્વયે સને ૨૦૧૧ ના વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતી ૫૬૫૮૨ આવે છે.જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડ દીઠ સરેરાશ વસતી ૬૨૮૭ ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે.આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦% વસતીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૭. નિયમ-૩ ની જોગવાઈને ધ્યાનમાં રાખી શહેરના ૯ વોર્ડોનું આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ-રસ્તા વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

૮. નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાંથી ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાં બે બેઠકો સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૯. નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે.વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/માપદંડ/ન.પા./જન(૧)/ ૧૨૨૦૧૪/ક થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો વસતીની ટકાવારીના ઉત્તરતા ક્રમમાં ખાસ ક્રમાંક નક્કી કરી બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમે આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

૧૦. નગરપાલિકાઓની ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/ન.પા./વારાફરતી/સ્થા.સ્વ./૧૪૦(૫)/૦૮૨૦૨૫/ક, તા.૦૯/૦૯/૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડો નક્કી કરેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ ની વસતી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છેતેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણીવખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદ્અંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે, નવા સીમાંકન બાદ જો વોર્ડ

રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાની વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતા ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તિત થતી હોય તો, તેના ઉત્તરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૧. જાહેરનામા અન્વયે ૨ (બે) બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. જે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવામાં આવેલ છે.

૧૨. સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત જાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી	અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૧	૭	૫૯૦૯	૧૨૨૮	૨૦.૭૮	૧
૨	૪	૫૭૫૪	૧૧૬૮	૨૦.૩૦	૨
૩	૧	૬૭૩૮	૮૫૪	૧૨.૬૭	૩
૪	૩	૬૫૬૨	૫૮૫	૮.૯૧	૪
૫	૯	૬૩૯૦	૪૮૦	૭.૫૧	૫
૬	૨	૬૬૧૯	૬૯	૧.૦૪	૬
૭	૮	૬૨૫૪	૩૧	૦.૫૦	૭
૮	૫	૫૯૦૫	૫	૦.૦૮	૮
૯	૬	૬૪૫૧	૫	૦.૦૭	૯
કુલ		**૫૬૫૮૨**	**૪૪૨૫**		

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઊંચી ટકાવારીના ઉત્તરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ અને ૨, અનુક્રમે વોર્ડ નં. ૭ અને ૪ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકો ફાળવવાની થાય.

- રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન(૧)-૧૨૨૦૨૪-ક, તા. ૧૧-૧૨-૨૦૨૪ અને રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-નપ-વારાફરતી-સ્થા.સ્વ.-૧૪૦(૫)-૦૮૨૦૨૫-ક, તા. ૦૯-૦૯-૨૦૨૫થી નક્કી થયેલ માપદંડો/માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, વોર્ડ નં. ૭માં જૂના વોર્ડ નં. ૬નો તથા વોર્ડ નં. ૪માં જૂના વોર્ડ નં. ૪નો મહદ્અંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થતો હોઈ, તથા તેમાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૨૦ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તિત થતી હોઈ આ વોર્ડમાં અનુસૂચિત જાતિની બેઠક ફાળવી શકાય તેમ નથી. આથી, ખાસ ક્રમાંક ૩ અને ૪ અનુક્રમે વોર્ડ નં. ૧ અને ૩માં અનુસૂચિત જાતિની બેઠક નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૧	અનુસૂચિત જાતિ
૨	૪	૩	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૪. સને- ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી	અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**
૧	૨	૬૬૧૯	૧૫૪	૨.૩૩	૧
૨	૩	૬૫૬૨	૫૯	૦.૯૦	૨
૩	૯	૬૩૯૦	૪૬	૦.૭૨	૩
૪	૧	૬૭૩૮	૪૮	૦.૭૧	૪
૫	૮	૬૨૫૪	૧૭	૦.૨૭	૫
૬	૫	૫૯૦૫	૧૧	૦.૧૯	૬
૭	૬	૬૪૫૧	૦	૦	-
૮	૭	૫૯૦૯	૦	૦	-
૯	૪	૫૭૫૪	૦	૦	-
કુલ		**૫૬૫૮૨**	**૩૩૫**		

૧૫. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક ફાળવણી થતી નથી.

૧૬. જાહેરનામા અન્વયે કુલ ૧૦(દસ)બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૫ (પાંચ) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડો ઠરાવેલ છે.તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડો મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. ખંભાળીયા નગરપાલિકાના સૂચિત ૯ વોર્ડોની વસતી પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પછાતવર્ગો માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પછાતવર્ગની કુલ અંદાજીત વસતી	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**
૧	૬	૬૪૫૧	૪૮૭૦	૭૫.૪૯	૧
૨	૩	૬૫૬૨	૪૬૧૫	૭૦.૩૩	૨
૩	૫	૫૯૦૫	૩૯૪૪	૬૬.૭૯	૩
૪	૨	૬૬૧૯	૩૮૪૭	૫૮.૧૨	૪
૫	૭	૫૯૦૯	૩૧૯૮	૫૪.૧૨	૫

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	પછાતવર્ગની કુલ અંદાજીત વસતી	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી	પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક
૧	૨	૩	૪	૫	૬
૬	૧	૬૭૩૮	૩૫૫૦	૫૨.૬૯	૬
૭	૯	૬૩૯૦	૩૩૫૯	૫૨.૫૭	૭
૮	૪	૫૭૫૪	૨૨૧૮	૩૮.૫૫	૮
૯	૮	૬૨૫૪	૧૬૩૭	૨૬.૧૮	૯
કુલ		૫૬૫૮૨	૩૧૨૩૮		

૧૮. વર્ષ-૨૦૧૫ અને ૨૦૨૦ માં પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧,૨,૩ માં અનુક્રમે વોર્ડ નં. ૨,૫,૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવેલ હતી. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯-૦૯-૨૦૨૫ના આદેશની જોગવાઈ મુજબ નવા બનેલા સૂચિત વોર્ડ મહદ્અંશે સરખા વિસ્તારના જ હોય તો અનામત બેઠકોની ફાળવણી સમયે પુનરાવર્તન ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. જેથી રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ -ચટણ- માપદંડ- ન.પ.- જન.૧- ૧૨૨૦૧૪-ક, તા.૧૧/૧૨/૨૦૧૪થી નિયત થયેલ માર્ગદર્શક સિદ્ધાંતો અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાતવર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવાની થાય.

અ.નં.	પછાતવર્ગ ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૩	પછાતવર્ગ
૨	૪	૨	પછાતવર્ગ સ્ત્રી
૩	૫	૭	પછાતવર્ગ
૪	૭	૯	પછાતવર્ગ સ્ત્રી
૫	૮	૪	પછાતવર્ગ
૬	૯	૮	પછાતવર્ગ સ્ત્રી
૭	૧	૬	પછાતવર્ગ
૮	૩	૫	પછાતવર્ગ સ્ત્રી
૯	૬	૧	પછાતવર્ગ
૧૦	૨	૩	પછાતવર્ગ સ્ત્રી

૧૯. અત્રે ઉલ્લેખનીય છે કે, સૂચિત વોર્ડ નં. ૬માં જૂના વોર્ડ નં. ૫નો મહદઅંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે. સૂચિત વોર્ડ નં. ૫માં જૂના વોર્ડ નં. ૧નો મહદઅંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે અને સૂચિત વોર્ડ નં. ૧માં જૂના વોર્ડ નં. ૨નો મહદઅંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે. જેથી બેઠક ફાળવણી કરતી વખતે પ્રથમ રાઉન્ડમાં ખાસ ક્રમાંક ૧, ૩ અને ૬, વોર્ડ નં. ૬, ૫ અને ૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થતી નથી. આયોગના તા.૧૧/૧૨/૧૪ના માપદંડો તેમજ બેઠક ફાળવણીના માર્ગદર્શક સિદ્ધાંતોનો આધાર લઈ ચડ-ઉતર કરી પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. પછાતવર્ગની દસમી બેઠક વોર્ડ નં-૩ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં.૩ માં અનુસૂચિત જાતિ સ્ત્રી તથા પછાતવર્ગની (પ્રથમ)બેઠક ફાળવેલ હોઈ, વોર્ડ નં. ૩માં પછાતવર્ગ સ્ત્રીની દસમી બેઠક ફાળવી શકાય તેમ નથી. આથી, તે પછીના ખાસ ક્રમાંક -૪ વોર્ડ નં.૨ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ને ખાસ ક્રમાંક-૬ વોર્ડ નં.૧ પછાતવર્ગની બેઠક સાથે ચડ-ઉતર કરતાં ખાસ ક્રમાંક -૪ વોર્ડ નં.૨ માં પછાતવર્ગની બેઠક તથા ખાસ ક્રમાંક-૬ વોર્ડ નં.૧ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

આમ, પછાત વર્ગની બે બેઠકો પછાતવર્ગ (બીજી બેઠક) અને પછાતવર્ગ સ્ત્રી (દસમી બેઠક) વોર્ડ નં. ૨માં ફાળવવાની થાય. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાતવર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગને ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૩	પછાતવર્ગ
૨	૪	૨	પછાતવર્ગ સ્ત્રી
૩	૫	૭	પછાતવર્ગ

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૪	૭	૯	પછાતવર્ગ સ્ત્રી
૫	૮	૪	પછાતવર્ગ
૬	૯	૮	પછાતવર્ગ સ્ત્રી
૭	૧	૬	પછાતવર્ગ
૮	૩	૫	પછાતવર્ગ સ્ત્રી
૯	૬	૧	પછાતવર્ગ સ્ત્રી
૧૦	૪	૨	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૨. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને ખંભાળીયા નગરપાલિકા માટેઆ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડીનું સીમાંકન-વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ વોર્ડ વાર તેની સામે જણાવ્યા પ્રમાણેની બેઠકોની ફાળવણી નિર્ધારીત કરવામાં આવે છે અને આ આદેશ આથી જાહેર જનતાની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી દસ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ,બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, દેવભૂમિ દ્વારકા-ખંભાળીયાને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ ખંભાળીયા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-ખંભાળીયા-યુનિટ-૬-૦૧૨૦૨૬, તા. ૧૯/૦૧/૨૦૨૬નું સાંધણ.

અનુસૂચિ-૧

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા - સૂચિત વોર્ડ નં. ૧ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૧	૭	૦	૦	૨૮૯	૧ થી ૧૧૦	જુનો કુંભાર પાડો, વિધી હોસ્પિટલ પાછળનો વિસ્તાર, બારાઈ પેટ્રોલપંપ પાછળનો વિસ્તાર
	૮	૩૨૮	૦	૯૪૭	૧ થી ૧૩૮	ગઢવી પાળો, મેઘવાર પાડો, પાયલ હોસ્પિટલ પાછળનો વિસ્તાર,મપારા પરોઠા હાઉસ પાછળનો વિસ્તાર
	૯	૮૪	૦	૧૦૬૯	૧ થી ૧૬૩	ગઢવી પાળો, આહીર સમાજ વાડી વાળો વિસ્તાર,કોળી પાળો, અશોક ઓઈલ મીલ કંમ્પાઉન્ડ, ભગવતી મીલ કંમ્પાઉન્ડ, જુનો કુંભાર પાળો, માન સરોવર કોમ્પ્લેક્ષ, જી.વી.જે હાઈસ્કૂલ, જડેશ્વર સોસાયટી, સોનલ માતાજી મંદિર પાછળનો વિસ્તાર, રેન બસેરા પાછળનો વિસ્તાર
	૧૧	૦	૩૬	૯૯૪	૧ થી ૨૦૮	કચ્છી પાળો, સોની જ્ઞાતિની વાડી પાછળનો વિસ્તાર, સાકેત હોસ્પિટલ વાળો વિસ્તાર, મોચી જ્ઞાતિની વાડી વાળો વિસ્તાર, કેશવ હોસ્પિટલ પાછળનો વિસ્તાર
	૧૨	૧૫	૬	૫૨૪	૧ થી ૧૨૬	રેલ્વે કોલોનીનો તમામ વિસ્તાર

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૧૧૬	૧૦	૦	૭૭	૧,૪,૫,૯,૧૦,૧૩,૧૨, ૧૪,૧૩૬,૧૩૭, ૧૩૮,૧૩૯,૧૪૦,૧૪૧	જે.કે.વી નગર-૧, જે.કે.વી નગર-૨, જે.કે.વી નગર-૪, શીવ હોસ્પિટલ, મહીન્દ્રા ટ્રેકટર પાછળનો વિસ્તાર
	૧૧૮	૧૧૨	૦	૭૨૨	૧ થી ૧૩૭	હરસિદ્ધિનગર પ્રાથમિક શાળા પાછળનો વિસ્તાર, મયુર રેસીડેન્સીનો તમામ વિસ્તાર
	૧૨૦	૮૧	૦	૭૧૧	૧ થી ૧૯૩	તુલસી પાર્ક તથા કચોરીયાવાડીનો વિસ્તાર
	૧૨૧	૮૦	૬	૬૯૪	૧ થી ૧૨૭	નકલંક મંદિર પાછળનો વિસ્તાર, વિનાયક સોસાયટી, એ.સી.એફ. ઓફિસ
	૧૨૨	૨૦	૦	૬૦	૧૨૩ થી ૧૮૫	જી.આઈ.ડી.સીનો વિસ્તાર, ફુલેલીયા હનુમાન મંદિર, બ્રહ્મ સમાજની વાડીનો વિસ્તાર, મહેશ્વરી સમાજની વાડી, સરકારી કવાટર
	૧૨૩	૨૯	૦	૨૪૬	૮૧ થી ૧૦૧	હરસિધ્ધિનગર ગૌશાળા પાસેનો વિસ્તાર
	૧૨૬	૧૯	૦	૫૫	૧૧૦ થી ૧૬૪	હરસિધ્ધેશ્વર મહાદેવ મંદિર પાસેનો વિસ્તાર
	૧૨૭	૨૭	૦	૧૧૦	૧ થી ૧૭૯	સરકારી હોસ્પિટલ, જિલ્લા કોર્ટ વિસ્તાર, રંગીલા હનુમાન મંદિર વિસ્તાર,પોરબંદર હાઈવે, ગુજરાત મીલ, નકલંક આશ્રમનો વિસ્તાર, આહીર કન્યા છાત્રાલય પાસેનો વિસ્તાર, શિવહરી હોટલ.
	૧૨૮	૩૯	૦	૧૫૦	૫૪ થી ૧૪૫	હરસિધ્ધનગરમાં આવેલ બાલા હનુમાન મંદિરની બાજુનો વિસ્તાર, ઘેલુભાઈ ગઢવીના મકાન આજુબાજુનો વિસ્તાર
	૧૨૯	૧૦	૦	૯૦	૧૦૩ થી ૧૬૪	વ્યાસ પરોઠા હાઉસ તથા સર્કીટ હાઉસ પાછળનો વિસ્તાર, અશોક ઓઈલ મીલ પાછળનો વિસ્તાર
કુલ		૮૫૪	૪૮	૬૭૩૮		

વોર્ડ નંબર - ૧ ની હદનું વર્ણન :

ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) ખૂણેથી સર્વે નં. ૨૬૪ ના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ જતાં સર્વે નં.૪૯ થી પૂર્વ તરફ જતા સર્વે નં. ૫૦, ૫૩, ૬૧, ૬૫/૨, ૬૯, ૭૦, ૭૧, ૯૨, ૧૦૩, ૧૦૨, ૧૦૧, ૧૩૧, ૧૩૩, ૧૩૪, ૧૩૫ ના ઈશાન ખૂણાથી નૈઋત્ય તરફ આવતા રે.સ.નં.૧૩૩, ૧૩૧, ૧૩૦, ૧૨૯, ૧૧૭ થી પશ્ચિમ તરફ જતાં ૧૧૯, ૧૧૮, ૧૧૬, ૭૮, ૭૭, ૭૬, ૨૨, ૨૧, દક્ષિણ પશ્ચિમ દિશા થી નૈઋત્ય તરફ જતાં સર્વે નં.૧૩, ૧૨, ૧૦, ૧૦૯, ૧૧૧, ૪૧, ૩૯, ૩૬, ૩૫, ૩૧, ૩૦, ૯, ૭ થી પશ્ચિમ દિશામાં વાયવ્ય તરફ જતા સર્વે નં.૫ થી આહીર કન્યા છાત્રાલયનાં ખૂણા સુધી ત્યાંથી ઈશાન તરફ જતાં સર્વે નં. ૧૧ થી પૂર્વ તરફ જતા સર્વે નં.૨૮, ૨૬, ૨૩, ૧૮ થી પશ્ચિમ ઉત્તર દિશામાં વાયવ્ય ખૂણાથી ઈશાન તરફ જતાં સર્વે નં.૪૬, ૪૭, ૨૬૬, ૨૬૫, ૨૬૪ સુધી પૂર્ણ તથા અંદર સમાવેશ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૨ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૨	૧૭	૦	૦	૧૧૫૭	૧ થી ૧૬૨	ગોજીયા એન્જીનિયરીંગ સામેની ગલીવાળો વિસ્તાર, દતાણી નગર વિસ્તાર, તિરૂપતી સોસાયટીનો આંશીક વિસ્તાર, નરસિંહભુવન પાછળનો વિસ્તાર, એલ.આઈ.સી. ઓફિસ પાછળનો વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૧૮	૫	૦	૫૨૮	૧ થી ૧૨૭	તિરૂપતી સોસાયટી, મહાદેવ મંદિરની સામેનો વિસ્તાર, ધોરીવાવ વિસ્તાર
	૧૯	૦	૦	૩૩૧	૧ થી ૧૩૯	બેંક કોલોની વિસ્તાર તથા જૈન દેરાસર પાછળનો વિસ્તાર, ક્રિષ્ના આંખની હોસ્પિટલ પાછળનો વિસ્તાર.
	૧૪૩	૪	૨૦	૩૫૦	૧ થી ૧૬૮	ધોરીવાવ સ્કુલ, આંગણવાડી પાછળનો વિસ્તાર, ત્રીપુરા પાર્ક, ખવાસવાડીનો વિસ્તાર.
	૧૪૪	૦	૦	૬૬૩	૧ થી ૧૫૭	સુરજ એપાર્ટમેન્ટ, પટેલ બેટરી પાછળનો વિસ્તાર, રેલ્વે કોલોની કવાટર
	૧૪૫	૧૦	૪૦	૧૪૦	૧ થી ૮૮	યોગેશ્વર નગર-૧, યોગેશ્વર નગર-૨નો વિસ્તાર.
	૧૪૬	૦	૦	૧૫૫	૧ થી ૧૦૬	મધુરમ સોસાયટીનો વિસ્તાર, દતાણીનગરનો વિસ્તાર.
	૧૪૭	૦	૦	૧૪૫	૧ થી ૯૬	તિરૂપતી સોસાયટીનો વિસ્તાર, બંસીધર પ્રાથમિક શાળાનો વિસ્તાર, ખીમભાઈ કરમુરના ઘર પાસેનો વિસ્તાર, યોગેશ્વર નગર-૨, ગાયત્રી મંદિર પાસનો વિસ્તાર.
	૧૪૮	૦	૦	૨૫૦	૧ થી ૧૬૦	યોગેશ્વર નગર-૧, શિવમંદિર પાસેનો વિસ્તાર.
	૧૪૯	૦	૦	૧૫૦	૧ થી ૧૪૧	યોગેશ્વર નગર તથા નંદધામ સોસાયટી વિસ્તાર.
	૧૫૦	૦	૦	૭૦૭	૧ થી ૨૪૭	મહાપ્રભુજી બેઠક, શિવહરી સોસાયટી, વ્રજધામ સોસાયટી, શ્રીજી સાનીધ્ય સોસાયટી
	૧૫૨	૦	૦	૩૧૦	૧ થી ૯૦	આલ્ફા માધ્યમિક શાળા પાસે, ખેરાવાડી વિસ્તાર
	૧૫૬	૦	૦	૮૮	૧ થી ૧૭	દેવવાડી વિસ્તાર, વાટવાડી વિસ્તાર.
	૧૫૭	૦	૦	૩૨૦	૧ થી ૮૬	મહાપ્રભુજી બેઠક સામે ધરારનગર, દેવાવાડી વિસ્તાર, શ્રીજી સોસાયટી
	૧૫૮	૩૦	૭૧	૪૧૩	૧ થી ૧૫૮	ધરારનગર પાણીના ટાંકા પાસેનો વિસ્તાર, સતવારા સમાજની વાડી પાછળનો વિસ્તાર.
	૧૫૯	૨૦	૨૩	૮૦૫	૧ થી ૧૭૨	વાટવાડી વિસ્તાર તથા રામાપીર મંદિર પાસે ધરારનગર વિસ્તાર.
	૧૪૧	૦	૦	૧૦૭	૧ થી ૭૯	દલવાડી હોટલ પાછળનો વિસ્તાર, પંચમ સ્કુલ, જે.કે.વી. નગર-૩નો વિસ્તાર, સાઈબાબા મંદિરનો તમામ વિસ્તાર ગોપાલ સોસાયટી
કુલ		**૬૯**	**૧૫૪**	**૬૬૧૯**		

વોર્ડ નંબર - ૨ ની હદનું વર્ણન :

ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) ખૂણેથી સર્વે નં.૫૩૨ થી પૂર્વ દિશામાં જતા સર્વે નં.૫૩૨, ૫૩૧, ૫૩૪, ૫૨૯ થી ઈશાન ખૂણા તરફ જતાં રે.સ.નં. ૫૨૭ થઈ ૧૩૨, ૧૩૬, ૧૩૭, ૧૪૦, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭ ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૧૪૫નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ રે.સ.નં.૧૪૪, ૧૪૩/૩, ૧૪૩/૧, ૧૪૩/૨ થઈ ૧૪૧ થી ક્રિષ્ના કાર ડેકોરા સુધી ત્યાંથી પૂર્વ તરફ જતાં હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરશન લી. થી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૫૨૨, ૫૨૩, ૫૨૪ થી ૫૨૫/૧, ૫૨૬, ૪૩૫ થી કાકુડી ગ્રાઉન્ડ થી રે.સ.નં.૫૨૮ દક્ષિણ દિશા તરફ ધરમપૂર ગ્રામ પંચાયતના નગરપાલિકામાં ભળેલા સર્વે નં.૫૩૭, ૫૩૮, ૫૫૮, ૫૫૬ થી નૈઋત્ય તરફ જતા સર્વે નં.૫૫૪ થી પૂર્વ તરફ જતા સર્વે નં. ૫૮૯, ૫૯૬, ૫૯૭, ૬૧૬, ૬૧૨, ૬૧૧ થી નૈઋત્ય દિશા તરફ જતા સર્વે નં.૬૧૦, ૬૦૭, ૬૦૬, ૬૦૫, ૬૦૪, ૬૪૯, ૬૫૨, ૬૫૩ ત્યાંથી દક્ષિણ પૂર્વ (અગ્નિ) ખૂણા તરફ સર્વે નં. ૨/૫, ૨/૬, ૨/૭, ૨/૮, ૭, ૮માં હરીભાઈની વાડીથી પશ્ચિમ તરફ જતાં કીશાન એગ્રો કેમીકલ્સ સુધી ત્યાંથી ઉત્તર તરફ ધરમપૂરનાં ગામતળ તથા સર્વે નં.૧, ૬૬૨, ૬૫૮/૧, ૬૫૮/૨, ૬૫૮/૩, ૬૫૮/૪, ૬૫૭, ૬૫૬, ૬૩૪, ૬૩૩, ૬૩૨, ૬૩૧, ૬૨૯, ૨૮, ૨૦ પાસે નરસીભુવન તીરૂપતી સોસાયટી ત્યાંથી ઉત્તર તરફ ઈશાન ખૂણા તરફ જતા સર્વે નં.૨૪, ૫૩૩/૨, ૫૩૨ સુધી પૂર્ણ તથા અંદર સમાવેશ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૩ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૩	૧૦	૩૨	૭	૧૩૪૯	૧ થી ૨૭૩	જડેશ્વર ટેકરી પાસેનો વિસ્તાર, અજમેર પીર ટેકરી પાસેનો વિસ્તાર, ખોડીયાર ડેરી પાસેનો વિસ્તાર, અજમેર પીર પ્રાથમિક શાળા પાસેનો વિસ્તાર.
	૧૩	૧૩૬	૦	૩૭૫	૧ થી ૧૭૩(૨)	ભાટીયા બાલમંદિર પાસનો વિસ્તાર, વિજય સિનેમા પાછળનો વિસ્તાર, મિલન પરોઠા હાઉસ પાછળ કુંભારપાડો
	૧૪	૦	૫	૩૪૫	૧ થી ૬૯(૩)	ભાગ્યોદય હોટલ પાછળનો વિસ્તાર, જી.ઈ.બી. પાછળનો વિસ્તાર, કુંભારપાડો.
	૧૫	૧૦	૦	૪૦૫	૧ થી ૧૦૬	સરકારી જનરલ હોસ્પિટલ કવાટર, જી.વી.જે. હાઈસ્કુલ પાછળ કુંભારપાડો, મિડલ સ્કુલ પાસેનો વિસ્તાર, માનસરોવર કોમ્પ્લેક્ષનો વિસ્તાર.
	૧૬	૧૭	૪	૭૮૫	૧ થી ૧૨૨(૪)	પી.એમ. હોસ્ટેલ પાછળનો નર્સરી અને ખોજા કબ્રસ્તાનનો વિસ્તાર, એસ.ટી.ડેપો કવાટર
	૫૬	૩૮૫	૪૩	૧૨૫૦	૧ થી ૨૩૩(૯)	પાણી પૂરવઠા ઓફિસ, શાંતિનિકેતન, હસુભાઈ મીસ્ત્રી ગેરેજવાળો વિસ્તાર, પરાગભાઈ બરછાનાં મકાન, લોહાણા મહાજનવાડીનો વિસ્તાર, શારદા સ્કુલ પાછળનો વિસ્તાર, મામલતદાર કચેરી પાસેનો વિસ્તાર.
	૫૭	૦	૦	૮૪	૧ થી ૬૯(૨)	ડો.સરવૈયાના દવાખાના પાસેનો વિસ્તાર, નગરપાલિકા ગાર્ડન, ધનાણી મેડીકલ, કન્યા શાળા, ખાઉધરી ગલીનો વિસ્તાર.
	૬૨	૫	૦	૧૨૪૫	૧ થી ૨૦૨	રાજપુત સમાજ વાડી પાસનો વિસ્તાર.
	૬૩	૦	૦	૭૨૪	૧ થી ૧૭૭(૧)	લક્ષ્મિનારાયણ મંદિર પાસેનો વિસ્તાર, ખંભાળીયા મીલ વિસ્તાર, પાંજરાપોળનો વિસ્તાર.
કુલ		**૫૮૫**	**૫૯**	**૬૫૬૨**		

વોર્ડ નંબર –૩ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) ખૂણેથી જડેશ્વર સોસાયટીનાં વાયવ્ય ખૂણાથી ઈશાન તરફ જતા મેઘજી પેથરાજ છાત્રાલય, અશોક ઓઈલ મીલ, જામનગર રોડ, રે.સ.નં.૧૪ થી અગ્નિ ખૂણા તરફ જતા રે.સ.નં.૧૮, તેલી નદી, રે.સ.નં.૧૯ થી નૈઋત્ય તરફ જતા તેલી નદી સાઉથ વેસ્ટ કોર્નર સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતા તેલી નદીના કાઠે કાઠે મહાપ્રભુજીની બેઠકથી સર્વે નં.૩૪થી નૈઋત્ય તરફ જતા પાંજરાપોળ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા આશાપુરા ચોક, માલાભાઈ સ્કેપ યાર્ડથી ઉત્તર તરફ જતા હીરાકુંજ રોડ, આશાપુરા ટ્રાવેલ્સ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતા બેઠક રોડે રોડ બેંક ઓફ બરોડાથી આગળ જતાં વાયવ્ય તરફ જતા ગર્વમેન્ટ હોસ્પિટલ થી ભાટીયા બાલમંદિર થી ન્યુ સલાયા ગેઈટ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતા તેલી નદીનાં કાઠે કાઠે સર્વે નં.૧૧૨નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઈશાન તરફ જતા ચારરસ્તા સર્કલ થી અગ્નિ ખૂણા તરફ જતાં દ્વારકાદાસ બારાઈ શોપીંગ સેન્ટરથી ક્વાટર થઈ રે.સર્વે નં.૫થી ઈશાન તરફ જતા રે.સ.નં.૭થી ઉત્તર તરફ જતા રે.સ.નં.૮થી જડેશ્વર સોસાયટીએ પૂર્ણ તથા અંદર સમાવેશ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૪ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૪	૨૦	૬૮૫	૦	૭૮૬	૧ થી ૧૯૫	સલાયા ગેઈટ, ખોડીયાર માતાજીનાં મંદિર, પુષ્કરણા બ્રહ્મપુરી, ગુજરાત મીલ, સતારભાઈ ભંગારવાળાનો વાડો, વણકરવાસ, મહેશ્વરી મેઘવારવાસ
	૨૧	૦	૦	૪૭૯	૧ થી ૧૩૨	ગોહેલભાઈ ફર્નીચરના બેન્સાની આજુબાજુનો વિસ્તાર, લુહારશાળ, ઠાકર ડેરા પાસેનો વિસ્તાર, જૈન ઉપાશ્રય વાળો વિસ્તાર, ચાંદાણી મસ્જિદ પાસેનો વિસ્તાર, સતારભાઈ ભંગારવાડા સામેનો વિસ્તાર.
	૨૨	૩૬૪	૦	૬૨૪	૧ થી ૧૧૭	વેરસીભાઈ ડોરૂના ઘર પાસેનો વિસ્તાર, દિનેશભાઈ પાબારીની દુકાન પાસેનો વિસ્તાર, દુ:ખભંજન હનુમાન મંદિર પાછળનો વિસ્તાર, પ્રતાપ કોલ ડેપો સામેનો વિસ્તાર, મહેશ્વરી મેઘવાર સમાજ.
	૨૪	૦	૦	૪૫૮	૧ થી ૧૦૨	વિઠ્ઠલભાઈ કોલસાવાળાના ઘર પાસનો વિસ્તાર, મોરલી મંદિર પાછળનો વિસ્તાર, નાલંદા પ્રાથમિક શાળા પાસનો વિસ્તાર, શુકલ પાડો, મનુભાઈ શુકલનાં ઘર સામેનો વિસ્તાર, રાવલ ચોકમાં શાંતિ સદન વાળો વિસ્તાર, સતવારાનાં ચોરા પાસે વજુભાઈ મપારાવાળી ગલીનો વિસ્તાર, બરછા પાડા તરફ જતાં ગલીમાં દુ:ખભંજન હનુમાનનાં પુજારીનાં ઘર પાસેનો વિસ્તાર.
	૨૫	૦	૦	૬૪૮	૧ થી ૨૧૯(૧)	મોરલી મંદિર સામે રાજ્ય પુરોહીત જ્ઞાતિ વાડીનો વિસ્તાર, નવલચંદ સુંદરજીની દુકાન પાછળનો વિસ્તાર, કૃષ્ણ પાન દુકાન પાછળનો વિસ્તાર, ઝવેરી બજાર, શરણેશ્વર મંદિર વિસ્તાર, મનુભાઈ શુકલનાં ઘર પાસનો વિસ્તાર, નાલંદા સ્કુલ સામેનો વિસ્તાર.
	૨૬	૦	૦	૨૯૮	૧ થી ૧૨૫	ઝવેરી બજારમાં સોની પરસોત્તમ વસનજી સોનીની દુકાન પાછળનો વિસ્તાર, જુના ખાદી ભંડાર પાસેનો વિસ્તાર, પાંચહાટડી ચોક તરફ જતા ડાબી તરફનો વિસ્તાર, સિધ્ધનાથ પાન પાર્લર પાછળનો વિસ્તાર, થાનાઈ શેરી વિસ્તાર
	૨૭	૪	૦	૩૪૯	૧ થી ૮૮	ગુજરાત મીલ સામે ગાયત્રીકૃપા રાધાકૃષ્ણ નિવાસ પાસેનો વિસ્તાર, મચ્છુ માતાનાં મંદિર પાસનો વિસ્તાર, સુશીલાબેન બારોટનાં ઘરથી કહેરભાઈ વાળી ગલીનો વિસ્તાર, ઠાકર ડેરા વાળો વિસ્તાર, જુની કન્યા શાળા પાસેનો વિસ્તાર, લુહારજ્ઞાતિની વાડી પાછળનો વિસ્તાર.
	૨૮	૧૧૫	૦	૩૦૦	૧ થી ૭૦	ગુજરાત મીલ સામે મેરરાજ પાન દુકાન પાછળનો વિસ્તાર, આકાર જેનરીવાળાના ઘર પાસેનો વિસ્તાર, ભુપતભાઈ કંસારાની દુકાન પાસનો વિસ્તાર, ચાંદાણી પાર્ક, અનુસૂચિત જાતિ વાલ્મીકીવાસનો વિસ્તાર.
	૨૯	૦	૦	૨૩૨	૧ થી ૭૮	ભુપતભાઈ કંસારાની દુકાન સામેનો વિસ્તાર, પાંચહાટડી તરફ મયુરભાઈ બકાલીના ઘર પાછળનો વિસ્તાર, લુહારશાળ તરફ જતા જનતા ફલોર મીલના પાછળનો વિસ્તાર, ઠાકરડેરા ગલીમાં વિસાણીની ડેલી જુનો અનુસૂચિત જાતિ વાલ્મીકીવાસનો વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૩૦	૦	૦	૬૮૬	૧ થી ૧૮૧	પાંચહાટડી ચોક, મંગલ ડ્રેસીસ ઝુલણીયાના મકાન પાસે અને પાછળનો વિસ્તાર, ચાંદાણી શેરી, કંસારાશેરી, ગોવર્ધન નાથજીની હવેલી, કનોજીયા બ્રહ્મપુરી પાસેનો વિસ્તાર, વંડીફળી, આહીર સમાજના ડેલા પાસેનો વિસ્તાર, પારેખ નિવાસ, આસોપાલવ એપાર્ટમેન્ટ પાછળનો વિસ્તાર.
	૩૧	૦	૦	૧૯૬	૧ થી ૫૫	ગોર્વધન નાથજી હવેલી કમ્પાઉન્ડમાં સોનલકૃપા નિવાસ વાળી ડી.કે.ગઢવીના ઘર પાસેનો વિસ્તાર, શ્યામ પ્રોવીઝન સ્ટોર પાસેનો વિસ્તાર, ભાગ્યોદય પ્રોવીઝન સ્ટોરવાળી દુકાન તથા પાછળનો વિસ્તાર, પ્રેમજીભાઈના લાકડાનાં બેન્સાની દુકાન પાસેનો વિસ્તાર, ગોર્વધનનાથજીની હવેલીનાં ડેલા અંદરનો વિસ્તાર.
	૩૨	૦	૦	૬૯૮	૧ થી ૮૫(૪)	જુના સલાયા નાકા સામે મોદી ઓઈલ મીલ પાસે તથા પાછળનો વિસ્તાર, ડેલાવાળાના મકાન પાસેનો વિસ્તાર, હજાભાઈ ભરવાડના ઘર પાસેનો વિસ્તાર, વંડીફળી વિસ્તાર, વાવશેરી, પી.પી.દવેનાં ઘર પાસેનો વિસ્તાર, બારોટ શેરી, શામળાભાઈ ગઢવીનાં ઘર પાસેનો વિસ્તાર.
કુલ		૧૧૬૮	૦	૫૭૫૪		

વોર્ડ નંબર –૪ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) ખૂણેથી ઓલ્ડ સલાયા ગેઈટથી ઉત્તર તરફ જઈ પૂર્વ તરફ જતાં રે.સ.નં.૧૧૩ ગઢની રાંગે રાંગ રે.સ.નં.૧૧૪ ન્યુ સલાયા ગેઈટ સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ જતાં તાલુકા પ્રાયમરી સ્કુલ રે.સ.નં.૧ નાં દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મેઘવારવાસ સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં સતવારાવાડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં વારાહી ચોક થઈ શરણેશ્વર ટેમ્પલ, મહાકાળી હોટલ સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં પાંચ હાટડી ચોક ત્યાંથી નૈઋત્ય તરફ જતાં પારેખ નિવાસથી ઉત્તર તરફ જતાં વારાહી મંડપ થી નૈઋત્ય તરફ જતાં વંડીફળી થઈ અંબા માતાજીનાં ટેમ્પલ સુધી ત્યાંથી ઉત્તર તરફ પઠાણ મસ્જિદ થી ઈશાન તરફ જતાં ગઢની રાંગે રાંગ સલાયા ગેઈટ ચોક થઈ ઓલ્ડ સલાયા ગેઈટ સુધી પૂર્ણ તથા અંદર સમાવેશ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૫ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૫	૧	૦	૦	૨૫૪	૧ થી ૭૩	પોરબંદર રોડ વ્હોરા હજીરા તથા ખામનાથ મંદિર પાસેનો વિસ્તાર, સંતોષી માતાજીનું મંદિર તથા ઈટનાં ભઠ્ઠાનો વિસ્તાર, જુનું દ્વારકાગેઈટ, ખડકીનું નાકુ, મચ્છી પીઠ વિસ્તાર, અલકાબા મસ્જિદ પાછળનો વિસ્તાર, જુની પોલીસ લાઈન કવાટર્સ તથા મહીલામંડળ તથા નવા દ્વારકાના નાકા પાસેનો વિસ્તાર.
	૨	૦	૦	૧૨૭૧	૧ થી ૨૯૧	ખામનાથ મંદિર પાસે કેનેડી બ્રીજ, હીન્દુ સ્મશાન, મુસ્લીમ કબ્રસ્તાન, ગુલાબ નગર, વચ્છરાજ નગર વાળો વિસ્તાર, કુંભારનાં ભઠા તથા વાંદરાવાવ વાળો વિસ્તાર, કુંભારજ્ઞાતિની વાડી વાળો વિસ્તાર સફાઈ કામદાર આવાસ.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૩	૦	૦	૧૨૪૭	૧ થી ૩૧૯(૧૩)	પોરબંદર રોડ નગરપાલિકા ટાઉન હોલ, ભરવાડ પાડો વિસ્તાર, ખામનાથ સોસાયટી વિસ્તાર, અંબાજી મંદિર પાસેનો વિસ્તાર, પઠાણ પાડો તથા નુરાની મસ્જિદ પાસેનો વિસ્તાર, જુના સલાયા ગેઈટ તથા સુખનાથ મંદિર પાછળનો વિસ્તાર.
	૪	૦	૦	૭૨૫	૧ થી ૧૩૫	નવા દ્વારકા નાકા અંદર ખાનભાઈ તલાટીના ઘર પાસેનો વિસ્તાર, માયસાબમાં દરગાહ પાસેનો વિસ્તાર, ભુતનાં ડેલા પાસેનો વિસ્તાર, ધોબીશેરી, ધુળધોયા શેરી, બહુચરાજી માતાજીનાં મંદિર પાછળનો વિસ્તાર,પઠાણપાડો, આંબલી ફળી, અંબાજી મંદિર સામેનો વિસ્તાર, નાથજી હવેલી પાસેનો વિસ્તાર, દાવલશા ફળી વિસ્તાર.
	૫	૦	૦	૧૬૮	૧ થી ૫૯	દ્વારકાના જુના નાકા અંદર કાસમભાઈ ભોકલના બંગલા સામે બાલાજી મંદિરવાળા વિજયભાઈના ઘર પાસેનો વિસ્તાર, વોકળા શેરી વાળો વિસ્તાર, મનુભાઈ તલાટીનાં ઘર પાસેનો વિસ્તાર, વાઘેશ્વરી મંદિર પાસેનો વિસ્તાર, ખત્રીની વાડી પાસેનો વિસ્તાર.
	૬	૦	૦	૪૬૧	૧ થી ૫૪	કડીયાવાડમાં માધુભાઈ તલાટીનાં ઘર પાસેનો વિસ્તાર, લીયાનો ડેલો, વોકાળા શેરીનો વિસ્તાર, કાસમભાઈ ની બેકરી પાછળનો વિસ્તાર.
	૪૧	૦	૪	૧૧૭૯	૧ થી ૧૬૦(૨)	ખઢકીનાં નાકા સામે આવેલ હુશેનશા ઈસ્માઈલશાના મકાન પાસેનો વિસ્તાર, કુલવાડી અંદરનો વિસ્તાર, ગેબનશા પીરની દરગાહ પાસેનો વિસ્તાર, પ્રગટેશ્વર મહાદેવ મંદિર સામે મતવાવાડ વિસ્તાર, સંધીપાડો, પાણી શેરી, મટન માર્કેટ,મચ્છીપીઠ મકરાણી જમાત ખાના પાછળનો વિસ્તાર.
	૧૬૧	૦	૦	૪૦૦	૧ થી ૧૪૧	પોરબંદર રોડ પર આવેલ કણઝાર ચોકડી વાળો વિસ્તાર, શિવાલય પાર્ક, બજરંગ સોસાયટી, રાજકુમાર સ્કુલ પાસેનો વિસ્તાર, શીવમ સોસાયટી-૧, શીવમ સોસાયટી-૨, વાય.કે.જી.એન. સોસાયટી, રેલ્વે ફાટક પાસે નાગબાઈ મંદિર પાછળનો વિસ્તાર, સરકારી લાયબ્રેરી વાળો વિસ્તાર.
	૧૬૪	૫	૭	૨૦૦	૧ થી ૫૯, ૧૧૭ થી ૧૩૮	પોરબંદર રોડ ગાયત્રી માતાજીનાં મંદિરથી ઘી નદીના પશ્ચિમ દિશામાં આવેલ નહેર તેમજ તમામ વિસ્તાર.
કુલ		**૫**	**૧૧**	**૫૯૦૫**		

વોર્ડ નંબર –૫ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ દિશાના વાયવ્ય ખૂણેથી સર્વે નં.૪૭૦ ની ઉપરનાં ભાગે આવેલ રોડના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ રેવન્યુ સર્વે નં.૪૭૪, ૪૭૫ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૯૧, ત્યાંથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૯૬ ના વાયવ્ય ખૂણેથી ઈશાન તરફ જતાં સર્વે નં.૯૭, ૯૮, ૧૦૩, થી કુંભારના ભઠ્ઠાથી અગ્નિ તરફ જતાં રે.સ.નં. ૧૦૪થી ૧૦૧ થી ૧૦૦ થી સલાયા ગેઈટ સુધી ત્યાંથી નૈઋત્ય તરફ જતા ભરવાડ જ્ઞાતિની વાડીથી અંબા માતાજી ચોક ત્યાંથી દક્ષિણ તરફ જતાં બહુચરમાતાજી ટેમ્પલથી પૂર્વ તરફ જતા ઝવેરી બજારના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ જતા ગર્લ્સ સ્કુલ નં.૨, કુલવાડી રોડ સુધી ત્યાંથી સર્વે નં.૮૧, દક્ષિણ તરફ જતાં સર્વે નં.૮૧ થી સર્વે નં.૮૩ પાણીના ટાંકા પાસેથી દક્ષિણ તરફ જતા ઘી નદીનાં કાઠે કાઠે રે.સ.નં. ૫૧૮, ૫૧૬ થી વાયવ્ય તરફ જતા રે.સ.નં.૫૧૪, ૫૧૨, ૫૧૦, ૫૦૨/૧, ૫૦૨/૨, ૫૦૨/૫, ૫૦૨/૪, ૫૦૨/૩, ૫૦૧ થી દક્ષિણ તરફ જતા રે. સર્વે નં.૪૯૮, ૪૮૬, ૨૮૫, ૩૫૮, ૩૫૯, ૩૬૧ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં સર્વે નં.૪૬૪, ૪૬૬, ૪૬૯ અને ૪૭૦ના વાયવ્ય ખૂણા સુધી પૂર્ણ તથા તેમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૬ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૬	૨૩	૦	૦	૨૮૫	૧ થી ૧૨૫	નગરગેઈટ, ગુલાબરાય કાનજી બરછાનાં મકાન પાછળનો ભાગ,બરછા પાડો, વજુભાઈ મપારાના ઘર સામેનો વિસ્તાર, રામમંદિર સામે, રમેશ લોન્ડ્રી વાળી દુકાન પાછળનો વિસ્તાર, ડી.એસ.માર્કેટ
	૩૩	૦	૦	૬૮૨	૧ થી ૧૭૧	પઠાણ પાડામાં ઓમ પાન સામે આવેલ કલામભાઈ બંગાળીનાં ઘર પાછળનો વિસ્તાર, પઠાણપાડો, રૂસ્તમભાઈ પઠાણનાં ઘરની પાછળનો વિસ્તાર,સંઘારપાળો, ડેરાફળી, બાલમુકુંન્દ ડેરી, પાંચ હાટડી ચોક, ઓઝાફળી, વંડીફળી, સતવારાનો ચોરો
	૩૪	૦	૦	૪૬૯	૧ થી ૧૦૫	પઠાણપાડામાં ગ્રીન પાન સોડા સામે આવેલ સંઘારનાં મંદિર પાસેનો વિસ્તાર, પઠાણપાડો, રામમંદિર વાળી શેરી, વિજય ચોક,ખાંડણીયા શેરી, બાલમૂકુંદ ડેરી સામેનો ડેરાફળી વિસ્તાર, ગઢવીનાં ડેલામાંથી જતી સાંકડી ગલીમાં થઈ સંઘાર પાળાનો વિસ્તાર.
	૩૫	૦	૦	૪૩૦	૧ થી ૧૩૮(૯)	ગુગળી ચકલામાં સવજીભાઈ બથીયાની દુકાન પાછળનો વિસ્તાર, ચોકસીનાં મેડીકલ વાળો વિસ્તાર, માંડવી ટીંબો, થાનાઈ શેરી, લુહારશાળ મહાકાળી હોટલ સામેનો વિસ્તાર, ચોકસી સાહેબનાં દવાખાના વાળો વિસ્તાર, પોસ્ટ ઓફિસ વાળી શેરી, શીતલ પાનની દુકાન પાછળનો વિસ્તાર.
	૪૩	૦	૦	૬૧૪	૧ થી ૧૫૨(૨)	જુની મામલતદાર ઓફિસ પાસે રેાશન સાયકલ સ્ટોર પાછળનો વિસ્તાર, સંતોષી પાન દુકાન પાછળનો વિસ્તાર, કલ્યાણરાયજી મંદિર સામેનો વિસ્તાર,ખત્રીવાડમાં મરીયમ મંઝીલ સામેનો વિસ્તાર, ખત્રીવાડ, વિજય ચોક, સતારભાઈ પાનવાળાની દુકાન પાછળનો વિસ્તાર, કડીયાવાડ વિસ્તાર.
	૪૪	૦	૦	૭૩૫	૧ થી ૧૯૩(૧)	રંગમહોલ સ્કુલ પાછળનો વિસ્તાર, પ્રભુદાસ ખીમજી સોનીનાં ઘર પાસેનો વિસ્તાર, ખત્રીવાડ, ફાફડેશ્વર મહાદેવ મંદિર વાળો વિસ્તાર, કલ્યાણરાયજી મંદિરવાળો વિસ્તાર, બાલાજી મંદિરનાં ખૂણેથી બંગડી બજાર, સત્ય નારાયણ મંદિર સામેનો વિસ્તાર, સુરજ મંદિર શેરી, ખોડીયાર શેરી, જશોદા માતાની શેરી
	૪૫	૦	૦	૫૬૯	૧ થી ૨૨૬(૪)	નગરગેઈટ હરભોલે પાન વાળી દુકાન પાછળનો વિસ્તાર, રામમંદિર પાછળનો વિસ્તાર, સતવારાવાડ, સતવારાનાં ચોરા સામેનો વિસ્તાર, શાંતા મસાલા મિલ વાળો વિસ્તાર,ચામુંડા ફુટવેર પાછળનો વિસ્તાર, હીન્દ કલોથ સ્ટોર પાછળનો વિસ્તાર, રાવાડા પાડા વિસ્તાર, કાંબરીયા એડવોકેટની દુકાન પાછળનો વિસ્તાર, કોટેચા હોસ્પિટલ પાછળનો વિસ્તાર.
	૪૬	૦	૦	૫૨૧	૧ થી ૨૧૨	સતવારાવાડ, કણઝાર મંદિર પાછળનો વિસ્તાર, વાણીયાની દુકાન પાસેનો વિસ્તાર,વારાહી માતાજી મંદિર સામેનો વિસ્તાર, ગગવાણી ફળી, મોહન પાનની દુકાન વાળો વિસ્તાર, હિન્દ કલોથ સ્ટોર સામેનો વિસ્તાર.
	૪૭	૫	૦	૩૯૪	૧ થી ૧૭૩	વારાહી ચોક રૂડી લાખી માતાજીનાં મંદિર પાછળનો વિસ્તાર, શરણેશ્વર મંદિર સામેનો વિસ્તાર, લુહારશાળ, વી.પોપટની દુકાન પાછળનો વિસ્તાર,હરીલાલ રામજીની દુકાન પાછળનો વિસ્તાર, હરસિદ્ધિ માતાજી મંદિરવાળી શેરી, ઘાંચી શેરી, રાજડા રોડ, ગગવાણી ફળી

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૪૮	૦	૦	૧૩	૧ થી ૬૩(૨૪)	હરસિદ્ધિ માતાજી મંદિર પાછળનો વિસ્તાર, મેઈન બજાર શાક માર્કેટ સામેનો વિસ્તાર, ગાંધીચોક, કારૂભાઈ વાસણવાળાની દુકાન તથા પાછળનો વિસ્તાર, પરેશભાઈ કંસારા વાળાની દુકાન પાસેનો વિસ્તાર.
	૪૯	૦	૦	૨૦૪	૧ થી ૧૩૨	વજુભાઈ કાનાણીની દુકાન પાછળનો વિસ્તાર, સોમૈયા વાળી ગલી, સેન્ટ્રલ બેંક પાછળનો વિસ્તાર, સુપર માર્કેટ, શાક માર્કેટ પાછળનો વિસ્તાર, સારસ્વત બ્રહ્મપુરી પાછળનો વિસ્તાર, બારાઈ શેરી, ગુંદીચોક વિસ્તાર, જુની તિજોરી કચેરી વિસ્તાર, હજામપાડો વિસ્તાર.
	૫૧	૦	૦	૩૯૩	૧ થી ૧૯૯	ડો.કેશુભાઈ વાળી ગલી, રાવડા પાડો, ધૌર્યસિંહ રાજડા કોમ્પલેક્ષ, તાલુકા શાળા નં.૪નો વિસ્તાર, જોધપૂર ગેઈટ તરફ ડો. પડીયા સાહેબની આંખની હોસ્પિટલ વાળો વિસ્તાર, નગરપાલિકા બાલમંદિર પાછળનો વિસ્તાર.
	૫૨	૦	૦	૧૪૫	૧ થી ૧૨૪	બાલમંદિર પાછળનાં ભાગે શેરીમાં આવેલ જયસુખલાલ તુલસીદાસની દુકાન સામે આવેલ મોતીલાલ ઓસવાલની દુકાન પાસનો વિસ્તાર, કરશનભાઈ સસોનગરા વાળી શેરી નં.૧૭, શેરી નં.૧૬, શેરી નં.૧૫, શેરી નં.૧૪, જલારામ નોવેલ્ટી સ્ટોર પાછળનો વિસ્તાર
	૫૩	૦	૦	૩૯	૧ થીં ૭૩	હર્ષદ મંદિર પાછળ નાથાભાઈ કંદોઈની દુકાન પાછળનો વિસ્તાર, સત્યનારાયણ મંદિર વાળી શેરી, બંગડી બજાર, વિઠલનાથજીનાં ખૂણા વાળી મેઈન બજાર, ચોકસી જવેલર્સ વાળી ગલી.
	૫૮	૦	૦	૪૭૬	૧ થી ૧૪૦(૬)	નગર ગેઈટ પાસે ખીરાભાઈની દુકાન, ગલ્સ હાઈસ્કુલ, નવાપરા શેરી નં. ૧૧,૧૨,૧૩,૧૪, ડો. બરછા હોસ્પિટલ વાળી શેરી, ઓમ પાઉભાજી વાળો વિસ્તાર, ચંદુભા વાઢેર ની દુકાન વાળો વિસ્તાર, કાનજી ચતુર ધર્મશાળા પાછળનો વિસ્તાર.
	૬૧	૦	૦	૪૮૨	૧ થી ૯૦(૧)	પરામાં પ્રવિણભાઈ દતાણી ના ઘર પાસેનો વિસ્તાર, ધીરજલાલ કાનજી ચોપડાનાં ઘર પાસેનો વિસ્તાર, નવાપરા શેરી નં.૨, ભીમજીભાઈ ગોરીયાનાં મકાન પાસેનો વિસ્તાર.
કુલ		**૫**	**૦**	**૬૪૫૧**		

વોર્ડ નંબર –૬ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ દિશાના વાયવ્ય ખૂણે પઠાણ મસ્જિદ ચોકથી ઈશાન તરફ જતા વારાહી મંડપથી દક્ષિણ તરફ પારેખ નિવાસ સુધી થી ઈશાન તરફ જતાં પાંચ હાટડી ચોક થી પૂર્વ તરફ જતાં સતવારા ચોક થી ઉત્તર તરફ જતાં બરછા પાડો, દિનેશ પોપટની ઓફિસ થી પૂર્વ તરફ જતાં ટાવરથી રે.સ.નં.૪૩ સુધી ત્યાથી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૪૨નાં દક્ષિણ ખૂણા સુધી નવાપરા એરીયા થી પશ્ચિમ તરફ જતાં રાવડા પાડો, તાલુકા શાળા નં.૪થી નૈઋત્ય તરફ જતાં હજામ પાડા રોડ, તિજોરી ઓફિસ, ગુંદી ચોક, બારાઈ સ્ટ્રીટ, ગુંદીચોકથી ઉત્તર તરફ જતાં ભૈરવા કોઠા રોડ થી સંતોષી પાન સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં સતારભાઈ પાનની દુકાન થી વિજય ચોક થી ડેરા ફળી સુધી. ડેરા ફળીથી ઉત્તર તરફ જતાં પઠાણ પાડા રોડ,પઠાણ મસ્જિદ સુધી પૂર્ણ તથા તેમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા- સૂચિત વોર્ડ નં. ૭ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૭	૫૯	૦	૦	૪૮૫	૧ થી ૧૦૪	શારદા સિનેમા પાછળનો વિસ્તાર, નવાપરા શેરી નં.૧, શેરી નં.૨, પરીવાર સેલ્સ સામેનો વિસ્તાર, લાલજીભાઈ ગોરીચાના ઘર પાસેનો વિસ્તાર, વિકાસ એગ્રો કેમિકલ્સ પાછળનો વિસ્તાર, ભુવનેશ્વર મહાદેવ મંદિર પાછળનો વિસ્તાર.
	૬૦	૦	૦	૧૧૯	૧ થી ૨૯	શારદા સિનેમા રોડ,પરિવાર સેલ્સ પાછળનો વિસ્તાર, નવાપરા શેરી નં.૩, શેરી નં.૪, શેરી નં.૫, શેરી નં.૬, શેરી નં.૭, શેરી નં.૮, શેરી નં.૯, મીલન પાન વાળી ગલી, શ્રીજી કૃપા તરફ જતાં ડાબી બાજુ કબીર આશ્રમ સામેનો વિસ્તાર.
	૬૪	૩૧	૦	૪૫૨	૧ થી ૨૧૨	ગોવિંદભાઈના બંગલા સામે આવેલ જી.ઈ.બી.ના સબ સ્ટેશન પાછળનો વિસ્તાર,ચુનાના ભઠાનો વિસ્તાર, રઘુવીર મીલનો વિસ્તાર, ભગવતી હોલ તથા પાછળનો વિસ્તાર, ખંભાળીયા નગરપાલિકા પૂર્વ સદસ્યશ્રી જયશ્રીબેન ધોરીયાના મકાન સામેનો વિસ્તાર, આશાપુરા સેન્ટરનો વિસ્તાર, ખંભાળીયા મીલ કંમ્પાઉન્ડ સામે આવેલ ભંગારવાળા તરફનો વિસ્તાર.
	૬૫	૯૯૧	૦	૧૦૦૩	૧ થી ૨૧૦	ઉદયભાઈ લાલનાં મકાન સામે આશાપુરા પાન સામેનો વિસ્તાર, જયશ્રીબેન ધોરીયાના ઘર પાસેનો વિસ્તાર, ભગવતી હોલ પાછળ, બજાણા રોડ વાળો વિસ્તાર, રતન તળાવ,વણકરવાસ (મેઘવારવાસ), ભીમસીભાઈ ડોરૂની ઓરડીઓ પાસેનો વિસ્તાર.
	૬૭	૦	૦	૮૦૨	૧ થી ૨૧૮	પંચમ કલાસીસ સામેનો વિસ્તાર, જલારામ ટ્રાન્સપોર્ટ પાછળનો વિસ્તાર, લાલજીભાઈ સવજીભાઈ પરમારના ઘર પાછળનો વિસ્તાર, મોહન મીલ પાછળનો વિસ્તાર, દેના બેંક પાછળનો વિસ્તાર, રઘુવીરમીલ, સ્વસ્તિક શોપીંગ સેન્ટરથી કણઝાર પાન એન્ડ ટી હાઉસ વાળો વિસ્તાર, ચુનાના ભઠા સામેનો વિસ્તાર, શેરી નં.૭,૮,૯, કૃષ્ણ સ્ટીલ વાળી ગલી, નગરગેઈટ તરફ, એસ.બી.આઈ. પાછળનો વિસ્તાર, જીનનો ડેલો, રાજડા તેજલ કોમ્પલેક્ષ, જયેશભાઈ ગોકાણીનાં દુકાન પાસેનો વિસ્તાર.
	૬૮	૮	૦	૮૦૩	૧ થી ૧૬૩	રઘુવીરમીલ વિસ્તાર, બટુકસિહના રસનાં ડેપો પાછળનો વિસ્તાર, વાંઝા જ્ઞાતિની વાડી પાછળનો વિસ્તાર, આશાપુરા મંદિર સામેનો વિસ્તાર, આશાપુરા મંદિર સામેનો વિસ્તાર, ખોડીયા ગરબી ચોક સામેનો વિસ્તાર, ભરતભાઈ બારોટનાં મકાન પાસનો વિસ્તાર,રન્નાદે હેલ્લો સર્વિસ પાછળનો વિસ્તાર, બાપુની ઘંટી પાછળનો વિસ્તાર.
	૬૯	૦	૦	૬૨૪	૧ થી ૧૨૧	બજાણા રોડ વિકાસ એગ્રો સર્વિસ પાસેનો વિસ્તાર, ગોવિંદ તળાવ વિસ્તાર, સુલેમાનભાઈ સુમરાનાં ઘર પાસેનો વિસ્તાર, ઈભરામ મુંગરાના ઘર પાસેનો વિસ્તાર, પાણીના ટાંકા પાસેનો વિસ્તાર, આશાપુરા પ્રોવિઝન સ્ટોર, કાંતિભાઈ ગોરનાં ઘર પાસનો વિસ્તાર, ભીમસી ડોરૂની છ ઓરડીઓ પાસેનો વિસ્તાર, ગોવિંદ તળાવ કાઠેથી ભગવતી હોલ,બજાણા રોડ
	૭૦	૪	૦	૧૧૪૬	૧ થી ૧૬૪	જુની તાલુકા પંચાયત પાસે આઈ.સી.ડી.એસ. પાછળનો વિસ્તાર, ટેલીફોન એકસચેંજ સામેનો વિસ્તાર, સોનલકૃપા ડેરી સામેનો વિસ્તાર, દેવુ સીદા જામનાં મકાન પાસેનો વિસ્તાર, નુતન નગર સોસાયટી, નગરપાલિકા સમ્પ પાછળનો વિસ્તાર, જલારામ મંદિર પાસેનો વિસ્તાર, પરમાર ટ્રાન્સપોર્ટ પાસે તથા પાછળનો વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૭૧	૧૯૪	૦	૪૭૫	૧ થી ૧૦૩	ગાયત્રી નગર તરફ જતાં આશાપુરામંદિર પાસનો વિસ્તાર, બાપાસિતારામ મઢુલી પાછળનો વિસ્તાર, સિકોતેર પાન પાછળનો વિસ્તાર, પોલીસ લાઈન સામે એસ.જે.સંચાણીયાના ઘર પાસેનો વિસ્તાર, નવી ખડપીઠ વિસ્તાર,જાડેજા રઘુભાઈના ઘર પાસેનો વિસ્તાર, કરશનભાઈ ગઢવીનાં ઘર પાસેનો વિસ્તાર, નાથાભાઈ ગાંગાભાઈ મકવાણાનાં ઘર પાસેનો વિસ્તાર, ખોડીયાર ચોક વિસ્તાર.
કુલ		૧૨૨૮	૦	૫૯૦૯		

વોર્ડ નંબર –૭ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ દિશાના વાયવ્ય ખૂણેથી શારદા સિનેમાથી પૂર્વ તરફ જતાં હીરાકુંજ થી અગ્નિ ખૂણા તરફ જતા ખંભાળીયા મીલ કંમ્પાઉન્ડ થી ઈશાન તરફ જતાં પાંજરાપોળ થી દક્ષિણ તરફ જતાં ગોવિંદ તળાવ કીશાન એગ્રો સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ જતાં બંગલા વાડી રોડ ત્યાંથી પશ્ચિમતરફ જતાં બંગલાવાડી રોડ થી ઉત્તર તરફ જતાં ટેલીફોન એકસચેંજ તાલુકા પંચાયત ઓફિસ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં પરાગભાઈનાં બંગલા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં રે.સં.નં. ૪૬નાં વાયવ્ય ખૂણા સુધી રોકડીયા હનુમાન થઈ ઉત્તર તરફ જતાં શારદા સિનેમા રોડ થઈ શારદા સિનેમા સુધી પૂર્ણ તથા તેમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા - સૂચિત વોર્ડ નં. ૮ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૮	૩૬	૦	૦	૮૪૨	૧ થી ૧૨૮/૧	જોધપૂર નાકે ન્યાય કોર્ટ અને પી.ડબલ્યુ.ડી. ઓફિસ સામે વિસ્તાર, આદર્શ સ્કુલ પાસેનો વિસ્તાર, લોહાણા બોર્ડીંગ પાછળનો વિસ્તાર, રાવલીયા પાડો વિસ્તાર, કાસમભાઈ ધુકરનાં મકાન પાસેનો વિસ્તાર, તુલીસભાઈનાં મકાન પાસેનો વિસ્તાર, પાણીના ટાંકા પાસેનો વિસ્તાર.
	૩૭	૦	૦	૨૯૩	૧ થી ૪૯	પોલીસ સ્ટેશન પાસે કુંભારપાડો વિસ્તાર, એસ.એન.ડી.ટી. પ્લોટમાં ભીખુભાઈ મથરનાં મકાન પાછળની ગલી વાળો વિસ્તાર, કબ્રસ્તાન સામે પાંજરાપોળ તથા જુના મલ્કાન મીનરલ કારખાના વાળો વિસ્તાર, આગળ ડંકી પાસે આવેલ દેવસ્થાન પાસેનો વિસ્તાર.
	૩૮	૦	૦	૪૦૦	૧ થી ૯૮(૬)	પોલીસ સ્ટેશન પાસે આવેલ એસ.એન.નાં ખુણાા ઉપર આવેલ સીકોતેર પાનની દુકાન પાછળનો વિસ્તાર, ભાટીયા સાહેબનાં મકાન પાછળનો વિસ્તાર, એસ.એન.ડી.ટી. સ્કુલ વાળો વિસ્તાર, રામનાથ તરફ જતાં હરીભાઈ સવજીયાણીનાં મકાન પાછળનો વિસ્તાર, જીવણભાઈના મકાન પાસે તથા પાછળનો વિસ્તાર.
	૩૯	૦	૦	૨૧૮	૧ થી ૮૧	રામનાથ સોસાયટી ગરબી ચોક પાસે કણઝાર પાનની દુકાન પાસે અને પાછળનો વિસ્તાર, ભુતનાથ મહાદેવ મંદિર તરફનો વિસ્તાર, ગણાત્રા હોલ અપાસે અને પાછળનો વિસ્તાર, પ્રાણભાઈ જોશીનાં ઘર પાસેનો વિસ્તાર, મજીઠીયાનાં બંગલાની પાછળનો વિસ્તાર, સાયાણી પ્રોવીઝન સ્ટોર પાસેનો વિસ્તાર, અશ્વિનભાઈ બરછાનાં મકાન તથા પ્રેમજીભાઈના ઘર પાછળનો વિસ્તાર.

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
	૪૦	૧૧	૦	૯૨૦	૧ થી ૧૭૧	રામનાથ મંદિર, રામનાથ પુલ પાસે જેશાભાઈ ગોરીયા સ્કુલ પાસે અને પાછળનો વિસ્તાર, પોરનાં નવા નાકા તરફ જતાં કબ્રસ્તાન, મહાદેવવાડો વિસ્તાર, ગેબનશા પીરની દરગાહ વિસ્તાર, ફુલવાડી, જયેશભાઈ ગોકાણીનાં ઘર પાસેનો વિસ્તાર.
	૫૦	૦	૦	૫૦૮	૧ થી ૯૮	હજામપાડામાં મનુભાઈ કાનાણીનાં ઘર પાસે અને પાછળનો વિસ્તાર, લોહાણા મહાજનવાડી સામેનો વિસ્તાર, સિકોતેર માતાજીનાં મંદિર પાછળનો વિસ્તાર, પાબારી ભાઈનાં મકાન પાછળનો વિસ્તાર, ગુંદીચોક પાસેનો વિસ્તાર, હજામપાડામાં પઠાપીરની દરગાહ પાછળનો વિસ્તાર, જેસાભાઈ ગોરીયાનાં ડેલા પાછળનો વિસ્તાર.
	૫૪	૦	૦	૭૭૪	૧ થી ૧૯૧	ડોસાપીરની દરગાહ પાસે લાલજીભાઈ વકીલનાં ઘર પાછળનો વિસતાર, જુની હોમગાર્ડ કચેરી સામેનો વિસ્તાર, ઘનશ્યામભાઈ તલાટીના ઘર પાછળનો વિસ્તાર, નારણવાડી સામેનો વિસ્તાર, જોશીભાઈનાં ઘર પાસે અને પાછળનો વિસ્તાર, ભીખાભાઈ ગઢવીનાં ઘર પાસેનો વિસ્તાર.
	૫૫	૦	૦	૨૬૦	૧ થી ૮૬(૩)	બજારમાં રસીકભાઈ ઘડીયાલીની દુકાન તથા ધ્રુવ સીલેકશન પાસે તથા પાછળનો વિસ્તાર, કન્યા શાળા પાછળનો વિસ્તાર, ભડકેશ્વર મહાદેવ મંદિર પાસે તથા પાછળનો વિસ્તાર, ભૈરવકોઠા વિસ્તાર, સરસ્વતી મંદિર પાછળનો વિસ્તાર.
	૬૬	૨૦	૧૭	૮૪૮	૧ થી ૧૨૯	ન્યાય કોર્ટ પાસે પી.ડબલ્યુ.ડી. કચેરી પાછળનો વિસ્તાર, રાવલીયાપાડો વિસ્તાર, બ્રાહમણની વાડી પાસે તથા પાછળનો વિસ્તાર, ટેલીફોન એકસચેંજ વાળો વિસ્તાર, પોલીસ ગર્વમેન્ટ કવાટર, નવી તાલુકા પંચાયત કચેરી પાછળનો વિસ્તાર, પી.ડબલ્યુ.ડી. કવાટર તથા પાછળ આવેલ ફોરેસ્ટ કવાર્ટર વિસ્તાર.
	૪૨	૦	૦	૮૫૧	૧ થી ૧૮૬	પોરનાં નકાથી મામલતદાર કચેરી તરફ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સામે આવેલ મલકાનભાઈના રસ્તા અનાજની દુકાન પાછળનો વિસ્તાર, મામલતદાર કચેરી પાછળનો વિસ્તાર, કડીયાવાડ, મતવા મસ્જીદ પાછળનો વિસ્તાર, ધ્રેવાડફળી, શેખ શેરી, મતવાવાડ, નાગરપાડો.
	૧૬૬	૦	૦	૩૪૦	૩ થી ૧૩૫	રામનાથ મંદિર પાછળ આવેલ સોસાયટી તેમજ સેન્ટ કર્વે સ્કુલની બાજુમાં આવેલ વિસ્તાર.
કુલ		**૩૧**	**૧૭**	**૬૨૫૪**		

વોર્ડ નંબર –૮ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ દિશાના વાયવ્ય ખૂણેથી રે.સ.નં.૮૨ ફુલવાડી થી પૂર્વ તરફ જતાં રે.સં.નં. ૮૦, ૭૭, ૭૬ થી ઉત્તર તરફ જતાં જુની મામલતદાર કચેરી, સંતોષી પાન થી દક્ષિણ તરફ જતા જોશી હાઉસ પોરગેઈટ થી ઈશાન તરફ જતા હજામપાડો, જોધપૂર ગેઈટ, જોધપૂર ગેઈટથી નૈઋત્ય તરફ જતા રે.સ.નં.૫૨ થી પૂર્વ તરફ જતા સર્વ નં.૪૮ થી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૪૯ પશ્ચિમ તરફ જતાં રે.સ.નં. ૫૦, ૫૬, થી હરજીવન નરોતમદાસ પાંજરાપોળથી નૈઋત્ય તરફ જતાં રે.સ.નં.૫૭ થી ઘી નદીના કાંઠે કાંઠે સર્વે નં.૪૨ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ જતાં રે.સ.નં. ૨૮, ૨૯, ૩૦ થી પશ્ચિમ તરફ જતા રે.સ.નં. ૨૦, ૧૭ થી વાયવ્ય તરફ જતાં સર્વે નં. ૬૦૮ થી પૂર્વ તરફ જતાં રે.સ.નં. ૬૦૭ વોકળામાંથી થઈ રે.સ.નં. ૫૨૪ સુધી રે.સ.નં. ૫૨૪ થી ઉત્તર તરફ જતા રે.સ.નં. ૫૨૩, ૫૨૧, ૫૨૦ નાં વાયવ્ય ખૂણાથી ઈશાન તરફ જતાં રે.સ.નં.૫૧૯, રે.સ.નં. ૮૨ ફુલવાડીએ પૂર્ણ તથા અંદરમાં સવમાવેશ થતો તમામ વિસ્તાર.

ખંભાળીયા નગરપાલિકા, જિલ્લો દેવભૂમિ દ્વારકા - સૂચિત વોર્ડ નં. ૯ - નમૂના નં. ૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડનાં સેસન્સ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સનાં બ્લોક નંબરની વિગત					બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર સુધી	
૯	૨ (S)	૭૦	૦	૭૫૭	૧ થી ૧૯૭	બજાણા રોડ પર ટેલીફોન એકસચેંજ સોસાયટી પાછળનો વિસ્તાર, બરફનાં કારખાના પાછળનો વિસ્તાર, સતવારા સમાજની વાડી સામેનો વિસ્તાર, શૈલેશભાઈ કણઝારીયાનાં ઘર પાસેનો વિસ્તાર, શ્રીશ્રી રવિશંકર જ્ઞાન મંદિર પાછળનો વિસ્તાર, પ્રજાપતિ કુંભારની વાડી તથા વાણીયાવાડી વિસ્તાર.
	૪ (S)	૩૫	૧૦	૪૪૧	૬૨ થી ૧૭૭	ગાયત્રીનગર પોલીસ લાઈન સામે આવેલ પી.એસ.જાડેજાના મકાન તથા પાછળનો વિસ્તાર, હનુમાન મંદિર સામેનો વિસ્તાર, મોમાઈ માતાજીનાં મંદિર પાછળનો વિસ્તાર, પાણીના ટાંકા પાસેનો વિસ્તાર, કીશોરસિહ સોઢાના ઘર પાછળનો વિસ્તાર.
	૫ (S)	૨૦	૫	૫૭૨	૧ થી ૧૩૭	ખંભાળીયા નગરપાલિકાના સમ્પ,ખંભાળીયા કોલ્ડ સ્ટોરેજ રોડ તરફ જતાં પોલીસ કવાટર, હાઉસીંગ બોર્ડ વિસ્તાર.
	૬ (S)	૩૫	૦	૬૧૨	૧ થી ૧૨૮	ખંભાળીયા નગરપાલિકા હદથી સમીરભાઈ ચંદારાણા ના ઘર પાસે તથા પાછળનો વિસ્તાર, ભીખુભાઈ દરબારનાં ઘર પાસેનો વિસ્તાર, હસુભાઈ મોટાણીનાં ઘર પાસે તથા પાછળનો વિસ્તાર, સિકોતેર પાન પાછળનો વિસ્તાર.
	૭ (S)	૬૦	૦	૫૧૭	૧ થી ૧૩૫	નુતન નગર સોસાયટી, હાઉસીંગ બોર્ડની સામે આવેલ વિસ્તાર, ભરવાડ પાડાના સામે આવેલ વિસ્તાર, બંગલા વાડી સુધીનો વિસ્તાર ત્યાંથી ઉત્તર તરફનો વિસ્તાર.
	૮ (S)	૫૦	૦	૧૬૫	૧ થી ૧૨૭	મોમાઈ માતાજીનાં મંદિરથી દક્ષિણ તરફ પાણીનાં વોકળા વાળો વિસ્તાર, પુરીબેનનાં ઘર પાસેનો વિસ્તાર, બંગલા વાડી સાર્વજનીક પ્લોટ વાળો વિસ્તાર.
	૯ (S)	૨૦	૦	૧૩૦	૧ થી ૩૨	પોલીસ લાઈન પાછળ રામભાઈની દુકાનથી આગળ અભયભાઈ ગઢવીનાં ઘર પાસે અને પાછળનો વિસ્તાર, પાણીના ટાંકા પાસેનો વિસ્તાર, ભરવાડ પાડો વિસ્તાર, હાઉસીંગ બોર્ડના સામેનો વિસ્તાર.
	૧૧ (S)	૨૦	૦	૬૬૮	૧ થી ૧૭૩	રામનાથ મેઈન રોડ થી રાવલીયાપાડા તરફ જતાં પાંજરાપોળ સામેનો વિસ્તાર, બંગલાવાડી પાણીના ટાંકા પાસેનો વિસ્તાર, ગાયત્રી એપાર્ટમેન્ટ તથા જામવાડી વિસ્તાર.
	૧૨ (S)	૧૦	૦	૬૫૩	૧ થી ૧૪૭	ન્યુ રામનાથ ગેઈટ પાસેનો વિસ્તાર તથા ન્યુ રામનાથ સોસાયટી વિસ્તાર
	૧૩ (S)	૧૧૦	૨૧	૬૪૪	૧ થી ૨૨૪	રાવલીયાપાળાના ખૂણાથી પશ્ચિમ તરફ બંગલાવાડી સોસાયટીમાં સાર્વજનીક પ્લોટ વિસ્તાર તથા દક્ષિણ તરફ જલારામ આવાસ ફલેટ વિસ્તાર.
	૧૮ (S)	૩૦	૧૦	૫૧૯	૧ થી ૧૨૦	રમેશભાઈ જોશીના ઘરથી બંગલાવાડી શેરી નં.૫, નારાયણ નગર સોસાયટી, જામવાડી વિસ્તાર.
	૧૯ (S)	૨૦	૦	૭૧૨	૧ થી ૯૩	રાવલીયા પાળાથી શ્રીજી પાર્ક વિસ્તાર, નગરપાલિકા સમ્પ સુધીનો વિસ્તાર, શકિતનગર ગામતળ વિસ્તાર.
કુલ		૪૮૦	૪૬	૬૩૯૦		

વોર્ડ નંબર –૯ ની હદનું વર્ણન:

ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) ખૂણાથી સર્વે નં.૧૩ થી પૂર્વ તરફ જતાં સર્વે નં.૧૨, ૧૧ બંગલા વાડી સોસાયટી થી ઈશાન તરફ જતા એસ.કે.કોન્ટ્રાકટર ઓફિસ થી પૂર્વ તરફ જતાં સર્વે નં.૪૦૩૪૦૬, ૪૦૪ થી દક્ષિણ તરફ જતા ૪૦૪/૨/૨ ના અગ્નિ ખૂણાથી વાયવ્ય તરફ થઈ ગોકીબાઈ પ્રાયમરી

સ્કુલથી અગ્નિ દીશા તરફ સર્વે નં. ૪૦૮ થી સર્વે નં.૧/૧ થઈ પૂર્વ દિશાથી નૈઋત્ય તરફ જતાં સર્વે નં.૯, ૨૧૬ના અગ્નિ ખૂણાથી વાયવ્ય તરફ જતા દેવમ વિધાલય થી દક્ષિણ તરફ સર્વે નં. ૩૪નાં અગ્નિ ખૂણા સુધી તેમજ ઘી નદીના પાળે પાળે જતા સર્વે નં.૩૪ના દક્ષિણ ખૂણાથી વાયવ્ય તરફ જતા સર્વે નં. ૩૩, ૨૬ સુધી પશ્ચિમ દિશા સર્વે નં. ૨૬ થી ઉત્તર તરફ જતાં રેવન્યુ સર્વે નં.૨૫, ૨૦/૧, ૧૮, ૧૭, ૧૬, ૧૪, ૧૩નાં વાયવ્ય ખૂણા સુધીમાં પૂર્ણ તથા અંદરમાં સવમાવેશ થતો તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,
સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ખંભાળીયા-યુનિટ-૬-૨૦૨૬, તા.૧૯/૦૧/૨૦૨૬નું સાંધણ.

અનુસૂચિ-૨

ખંભાળીયા નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૫૬૫૮૨	
કુલ વોર્ડની સંખ્યા	૦૯	
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૬૨૮૭	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : ૬૯૧૬
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૫૬૫૮
બેઠકોની સંખ્યા	૩૬	
કુલ સ્ત્રી બેઠકો	૧૮	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦ (શૂન્ય)	તે પૈકી ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૦	તે પૈકી ૫ (પાંચ) બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત
કુલ અનામત બેઠકો	૨૪	
સામાન્ય બેઠકો	૧૨	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતિ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત
૧	૧	૬૭૩૮	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૬૬૧૯	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૬૫૬૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૫૭૫૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૯૦૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૬૪૫૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૫૯૦૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૬૨૫૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૬૩૯૦	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
	કુલ	**૫૬૫૮૨**				

આર. જી. ગોહિલ,
સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.23 14:33:14 IST